<u>વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત</u>
કૃષિ વૈવિધ્યકરણ યોજનાના અમલીકરણ અંગેની રૂ.૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ મંજુર કરવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: વકય/૧૦૨૦૧૮/૧૨૦/પી
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૪/૦૪/૨૦૧૮

<u>વંચાણે લીધા</u> :-

(૧) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી (ડિ-સેગ), ગાંધીનગરનો તા.03/૦૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક: VKY/2018/2451/D-SAG/ 459-460.

(૨) કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગરનો તા.30/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક: આવિ/ખેતી/૨૦૧૮/૬.

<u>પ્રસ્તાવના</u> :-

રાજ્યના આદિજાતિ વિસ્તારમાં વસતા આશરે ૧૫૦૦૦ જેટલા આદિજાતિ ખેડૂતોને "કૃષિ વૈવિધ્યકરણ યોજના" ના અમલ થકી સુધારેલા બિયારણ, ખાતર તથા ખેતીને લગતી જરૂરી તાલીમ આપવા અંગેની દરખાસ્ત મુખ્ય કારોબારી અધિકારીશ્રી (ડિ-સેગ) દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) થી અને કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૨)થી કરવામાં આવેલ. સદર કૃષિ વૈવિધ્યકરણ યોજના માટે રૂ.૫૦૦.૦૦ લાખની નવી બાબતની વર્ષ ૨૦૧૮-૧૯માં કરવામાં આવેલ જોગવાઈને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યનાં આદિજાતિ વિસ્તારમાં વસતા આશરે ૧૫૦૦૦ જેટલા આદિજાતિ ખેડૂતોને "કૃષિ વૈવિધ્યકરણ યોજના" ના અમલ માટે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૫૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચસો લાખ પુરા) ની નવી બાબતની જોગવાઈને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:-

૧. "કૃષિ વૈવિધ્યકરણ યોજના" ના અમલીકરણની રૂપરેખાનો મુસદ્દો લાભાર્થીઓની પસંદગીની પ્રક્રિયા તથા તેમની તાલીમની પ્રક્રિયા અને સમયગાળા સહિતના મુદ્દા ધ્યાનમાં લઈ, તૈયાર કરીને તેની યોગ્ય કક્ષાએથી મંજૂરી મેળવ્યા બાદ ખર્ચ કરવાનો રહેશે.

૨. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૪. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૫. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૬. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૭. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આઈ.ટી. સંબંધીત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬ આયોજન, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ઈન્ક્લુઝન પ્રોજેક્ટનાં અનાવર્તક ખર્ચ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઈમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૦/૦૩/૨૦૧૮ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના :-</u>

➢ માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

- ➢ માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.
- ➢ પત્ર મારફત.